C.C.NO.1839-1999

**આંક:૧ લગત હુકમ:**

૧. આજરોજ કેસ રેકર્ડ ને ધ્યાને લેતાં, આરોપી વિરુધ્ધ સમન્સ ટ્રાયેબલનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટી ના નાં પરિપત્ર ધ્વારા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરી, કેસોના નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**કલમઃ ૨૫૮ કેટલાંક કેસોમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

આ કામે કલમઃ ૨૫૮ વંચાણે લેતાં , આરોપી સામેના કેસની કાર્યવાહી બંધ કરવાની સત્તા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય શાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે , તો આરોપીને નિદોર્ષ ઠરાવી મુકત કરવો જોઈએ અને અન્ય કોઈ કીસ્સામાં આરોપીને છોડી મુકશે અને આવા છુટકારાથી બીનતહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે.

૩.... આમ આ કલમ વંચાણે લેતાં એ પણ સપષ્ટ થાય છે કે, જયારે મુખ્ય શાહેદનો પુરાવો લેવાયો નહોય, તો આરોપીને મુકત કરવામાં આવે. ત્યારે બીનતહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમઃ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગસ રીવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ હાલના આરોપી સામેનું સમગ્ર ચાર્જસીટ ધ્યાને લેતાં આરોપી સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની કાર્યવાહી , ફરીયાદ કલમઃ ૨(ધ) પરથી શરુ થયેલ નથી. રેકર્ડ જોતાં , આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજેલ પરત આવેલ નથી. તેવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હીતમાં ઉચીત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમઃ–

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી , ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમઃ ૨૫૮ હેઠળ બંધ કરી, આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દેશી/ઈંગ્લીશ દારુનો અપીલ સમય બાદ નાશ કરવો.

મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી , અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી.

પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે જો કોઈ હુકમ થયેલ હોય, તો તે આથી કાયમ કરવામાં આવે છે. અને જો કોઈ હુકમ ના થયેલ હોય તો મુદ્દામાલ પાવતી મુજબ જેની પાસેથી કબજે કરવામાં આવેલ હોય , તેની ખરાઈ કર્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. અને તે સિવાયના

બીન કિંમતી મુદ્દામાલ નો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપીની રોકરડ જામીનગીરી જમા હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી.

૧૦/૨/ ૨૦૧૮
અમદાવાદ

(અતુલકુમાર. આર.પટેલ )
એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦,અમદાવાદ.
**જી.જે.૦૦૭૧૦**